# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-03-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## ટેકાના ભાવે ખરીદી :

રાજ્યના ખેડૂતોને તેમના કૃષિ ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી પ્રક્રિયા શરુ કરવામાં આવી છે.

કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જાહેરાત કરી છે કે ચણા અને રાયડાના પાક માટે રાજ્યભરમાં પૂરતા પ્રમાણમાં ખરીદ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. ખેડૂતોની સુવિધા માટે રાજ્યમાં ચણાની ખરીદી માટે ૧૬૫ અને રાયડાની ખરીદી માટે ૬૦ જેટલા વિશિષ્ટ કેન્દ્રો તૈયાર કરવામાં આવ્યા છે. આ આયોજનનો મુખ્ય હેતુ ખેડૂતોને આર્થિક રક્ષણ પૂરું પાડવાનો અને સીધો લાભ તેમના સુધી પહોંચાડવાનો છે.

---------------------------------------------------------------------------------------------

## ગુજરાત શહેરી વિકાસ મિશન:

નગરપાલિકાની વિવિધ સેવાઓ એક જ મંચ પર લાવવાના ઉદ્દેશથી ગુજરાત શહેરી વિકાસ મિશન દ્વારા શરૂ કરાયેલા ઇ-નગર પોર્ટલમાં વર્ષ 2025-26માં 18 લાખથી વધુ વ્યવહાર નોંધાયા છે.જેનાથી એક હજાર 31 કરોડથી વધુ રૂપિયાની આવક થઈ છે જ્યારે આ પોર્ટલ પર એકંદરે એક કરોડ 24 લાખથી વધુ વ્યવહાર થયા છે જેનાથી 6 હજાર 76 કરોડ રૂપિયાથી વધુની આવક પ્રાપ્ત થઈ છે.

ઉલ્લેખનીય છે કે, નાગરિકો માટે ટેક્સ ચૂકવણી, લાયસન્સ માટેની અરજી, લગ્ન નોંધણી, મકાનની પરવાનગી, પાણી અને ડ્રેનેજ જોડાણોનું સંચાલન જેવી સેવાઓ ઇ-નગર પોર્ટલ પર ઉપલબ્ધ છે.

---------------------------------------------------------------------------------------------

## મહેસુલ વિભાગ:

મહેસૂલ વિભાગના વર્ષ ૨૦૨૬- ૨૭ના બજેટની માહિતી અંગે આજે ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદ યોજાઇ હતી તેમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ.જયંતિ રવિએ જણાવ્યું, મહેસૂલી તંત્રમાં એક હજાર 546 નવી જગ્યાઓ ઉભી કરાશે. તેમજ રાજ્યના 51 તાલુકામાં મહેસૂલ વિભાગના કર્મચારીઓના આવાસ બનાવાશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

---------------------------------------------------------------------------------------------

## અનાજ વિતરણ:

કચ્છ સહીત દેશભરના રેશનકાર્ડ ધારકો માટે કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત અંતર્ગત આવનારા એપ્રિલ મહિનામાં કચ્છના 2 લાખ 62 હજાર જેટલા રાશન કાર્ડ ધારકોને એક સાથે ત્રણ મહિનાનું એપ્રિલ, મે અને જૂન મહિનાનું અનાજ વિતરણ કરવામાં આવશે.

ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, તમામ લાભાર્થીઓ પોતપોતાની નજીકની વાજબી ભાવની દુકાન પરથી નક્કી કરેલા સમય દરમિયાન આ અનાજ મેળવી શકશે.

---------------------------------------------------------------------------------------------

## કમોસમી વરસાદથી નુકસાન:

જિલ્લામાં વાતાવરણમાં આવેલા અચાનક પલટાએ ખેડૂતોની ચિંતામાં વધારો કર્યો છે. જીલ્લાના વિવિધ વિસ્તારોમાં ગાજવીજ સાથે પડેલા માવઠાએ તૈયાર થયેલા મોલ પર પાણી ફેરવી દીધું છે.

રવી પાકની કાપણી સમયે જ કમોસમી વરસાદ વરસતા ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાઈ ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે અને ખેતરોમાં પડેલો ઘઉં અને જીરું સહિતનો પાક પલળી ગયો છે.

દરમ્યાન, કેસર કેરીના બગીચાઓમાં પણ ભારે નુકસાનના અહેવાલ છે. આ સમયે આંબા પર આવેલા મોર અચાનક પવન અને વરસાદને કારણે ખરી પડ્યા છે.

બાગાયતી ખેતી કરતા ખેડૂતોના મતે, આ માવઠાને કારણે કેરીના ઉત્પાદનમાં આ વર્ષે મોટો ઘટાડો થઈ શકે છે.

---

## કચ્છ જીલ્લાનું બેંકિંગ વ્યવસ્થાપન:

તાજેતરમાં રાજ્ય વિધાનસભામાં રજૂ થયેલા સામાજિક-આર્થિક સમીક્ષા રિપોર્ટ અને ‘સ્ટેટ લેવલ બેન્કિંગ કમિટી’ ના સપ્ટેમ્બર 2025 સુધીના આંકડાઓએ કચ્છ જિલ્લાની બેન્કિંગ વ્યવસ્થાનું રોચક ચિત્ર રજૂ કર્યું છે.

ગુજરાતના તમામ 33 જિલ્લાઓની કોમર્શિયલ બેન્કોની કામગીરીનું વિશ્લેષણ કરતા 432 બેન્ક શાખાઓ સાથે કચ્છ જિલ્લો સમગ્ર ગુજરાતમાં 6ઠ્ઠા ક્રમે છે. જિલ્લાની આર્થિક સદ્ધરતાની વાત કરીએ તો, 63,569 કરોડ રૂપિયાની માતબર થાપણો સાથે રાજ્યમાં કચ્છ 5મા ક્રમે આવે છે. NRI ભંડોળ અને સ્થાનિક બચતના કારણે કચ્છના લોકોની બેંકોમાં બચત કરવાની ક્ષમતા અત્યંત મજબૂત છે. 35,191 કરોડ રૂપિયાના ધિરાણ સાથે કચ્છ આ બાબતમાં પણ રાજ્યમાં 5મા ક્રમે રહ્યું છે.

અહેવાલમાં દર્શાવેલા ક્રેડિટ ડિપોઝિટ રેશિયોની વાત કરીએ તો, રાજ્યનો સરેરાશ ક્રેડિટ ડિપોઝિટ રેશિયો 90.36% છે, જેની સરખામણીમાં કચ્છનો રેશિયો માત્ર 55.36% છે.

એટલે કે, કચ્છની બેંકોમાં જમા થતા દર 100 રૂપિયા સામે બેંકો માત્ર 55 રૂપિયા આસપાસ જ ધિરાણ (લોન) પેટે આપે છે.

---

## શાળાઓમાં સોલાર રુફટોપ:

ભુજ શહેર અને આસપાસના વિસ્તારની સરકારી શાળાઓને ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા માટે જીલ્લા શિક્ષણ કચેરી ભુજ દ્વારા એક મહ્ત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે. આ અંતર્ગત ભુજની ૧૭ જેટલી સરકારી શાળાઓમાં રુફટોપ સોલાર સિસ્ટમ લગાડવા માટે એક ખાનગી કંપનીને કામગીરી સોંપવામાં આવી છે. અંદાજે ૧ કરોડ ૪૧ લાખ રૂપિયાના ખર્ચે

આગામી એક વર્ષમાં સાકાર થનારા આ પ્રોજેક્ટ દ્વારા શિક્ષણ ક્ષેત્રે પર્યાવરણને અનુકુળ ઉર્જા સ્ત્રોતોનો વ્યાપ વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

---

## FOKIA-CSR બેઠક:

ફેડરેશન ઓફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન્સ-ફોકિઆ દ્વારા "જૈવવિવિધતા પુનઃસ્થાપન અને ટકાઉ વિકાસ" વિષય પર વિશેષ સીએસઆર બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ઉદ્યોગો,

સરકારી સંસ્થાઓ અને વિવિધ બિન સરકારી સંસ્થાઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો અને કચ્છમાં પર્યાવરણીય પડકારોના નિરાકરણ માટે સહયોગ વધારવા પર ચર્ચા કરી હતી.

---

## પ્રવાસનને અસર:

ઉનાળુ વેકેશન નજીક આવતાં પ્રવાસનની તૈયારીઓ તેજ બનતી હોય છે, પરંતુ આ વખતે મધ્યપૂર્વમાં હાલની તણાવભરી પરિસ્થિતિના કારણે પ્રવાસ ઉદ્યોગ પર સીધી અસર જોવા મળી રહી છે અને પ્રવાસીઓમાં અનિશ્ચિતતા છવાઈ છે.

પહેલી મે થી શરૂ થનારા આશરે 40 દિવસના ઉનાળુ વેકેશન દરમિયાન ફરવાનું આયોજન બનાવતા લોકો હાલ 'થોભો અને રાહ જુઓ'ની સ્થિતિમાં જોવા મળી રહ્યા છે.

કચ્છમાંથી રેલવે અને વિમાન બુકિંગ પર પણ ખાસ અસર પડી છે. જો વૈશ્વિક પરિસ્થિતિ સુધરે તો અચાનક પ્રવાસની માંગમાં વધારો થઈ શકે છે, પરંતુ હાલ પ્રવાસીઓ સાવચેતીપૂર્વક રાહ જોવાના મૂડમાં હોય એવું જણાય છે.

---